## ગાંધીનગર મને ગમે છે...



**- કોમલ તલાટી "શશી"**

મને ગાંધીનગર ગમવા માટેનાં ઘણાંબધાં કારણોમાંથી એક કારણ એ છે કે તે શાંતિપૂર્ણ શહેર છે. અહીંની હવા તાજી, અને નિર્મળ છે. પક્ષીઓનાં મધુર અને કર્ણપ્રિય અવાજથી શહેર હંમેશાં ધમધમતું રહે છે.

અહીં તમામ રસ્તાઓ સ્વચ્છ અને ૬ લેન પહોળા છે. જેમાં રંગબેરંગી ફૂલોથી ભરેલાં ડિવાઈડરો છે. જેને નિહાળવું એ પણ એક લ્હાવો છે. કામની વ્યસ્તતામાં પણ લોકો આવાં દ્રશ્યને કેપ્ચર કરવાનું ચુકતા નથી. શહેરને કુલ ૩૦ સેક્ટરોમાં વિભાજીત કરવામાં આવ્યું છે. જેમાં દરેક સેક્ટરમાં પોતાનું શોપિંગ અને કોમ્યુનિટી સેન્ટર, આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક શાળા, સરકારી અને ખાનગી આવાસો છે. તથા બાળકો માટે પણ ચિલ્ડ્રનપાર્ક બનાવવામાં આવ્યા છે. જેમાં ઘણીબધી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

અહીં વિશાળ જગ્યામાં ફેલાયેલું અને અર્ધ્તન પુસ્તકોથી શોભતું પુસ્તકાલય વાંચનના શોખીનો માટે એક આકર્ષણનું કેન્દ્ર છે. તથા દરેક શૈક્ષણિક સંસ્થાઓ પોતાની આગવી ઓળખ ધરાવે છે. જેમાં ગુરુકુલ, માઉન્ટ કાર્મેલ, કડી કેમ્પસ, સેન્ટ ઝેવિયર્સ વગેરે. આ ઉપરાંત સરકારી કોલેજ, ન્ફ્રઈ અને ફ્રછૈંઞ્, આર્ટ કોલેજ, ફ્રૈંઙ્ઘ જેવી ડિઝાઈન ઈન્સ્ટિટ્યૂટ, કોમર્સ કોલેજ, લૉ કોલેજ, મેડિકલ

● અનુસંધાન પાન- ૭ પર

## મહુન્દ્રા ગામે સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરાયું



ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર તાલુકા પંચાયતની ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી ગાંધીનગર તાલુકા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન વનીતાબેન જીતેન્દ્રસિંહ સોલંકી દ્વારા મહુન્દ્રા ગામે સી.સી. રોડની ૪ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવી અને તેમના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ પ્રસંગે ગામના સરપંચ અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવ નિમિત્તે વિતરાગ નવયુવક મંડળ દ્વારા દિગંબર જૈન સમાજ ભવન, સેકટર-૨૧ ખાતે નિઃશુલ્ક આયુર્વેદ નિદાન તથા સારવાર કેમ્પ યોજાયો હતો. આ સારવાર કેમ્પમાં મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડીંગ કમિટના ચેરમેન ઉપસ્થિત રહ્યા હતા.

## સંકુલ સાદરામાં પક્ષીઓ માટે પાણીનાં કુંડા મુકાયા




ચિલોડા, તા. ૧૦

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયોજિત પ્રકૃતિનું જતન પક્ષીઓને ઉનાળામાં પાણી પીવા માટે પ્રાકૃતિક પરિસરમાં પાણીનાં કુંડાઓ મુકવામાં આવ્યા. તેમાં સંયોજક રમેશભાઈ પટેલ, ડૉ. રાજેન્દ્ર જોષી, બળદેવભાઈ મોરી, પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિવ્યેશ ભટ્ટ, ડૉ. મોતીભાઈ દેવું અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલનો ૭મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૯

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય પૂજ્ય આચાર્ય સ્વામી મહારાજ સંતમંડળ સહિત ચતુર્થ દિવસ સત્સંગ વિચરણના કાર્યક્રમમાં કલોલ, લાંધણજ, મોખાસણમાં વિવિધ વ્યસનમુક્તિ શિબિરો તેણે કંઈ કર્યું નથી. મનુષ્યે જીવનમાં વ્યસનોને તિલાંજલિ આપવી. સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને શિશિક્ષાપત્રીમાં પણ આદેશ





જિતેન્દ્રિપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલનો ૭ મો વાર્ષિક પાટોત્સવ ભારે દબદબાપૂર્વક ઉજવાયો.

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ અંતર્ગત પરમ યોજાઈ હતી.

આચાર્ય સ્વામી મહારાજે દિવ્ય આશીર્વાદમાં જણાવ્યું હતું છે મનુષ્યે જન્મ ધરીને કરવાં જેવું કામ હોય તો તે છે ભગવાનનું ભજન. જે મનુષ્યે જીવનમાં ભગવાનનું સ્મરણ કર્યું નથી તો આપ્યો છે કે મનુષ્યે સુખમય, આનંદમય જીવન જીવવા માટે પંચવર્તમાન અવશ્ય પાળવા.

મોખાસણ તેમજ લાંધણજ ખાતે વ્યસનમુક્તિ રેલીઓ યોજાઈ હતી. ઘણી મોટી સંખ્યામાં માનવ સમુદાય ઉપસ્થિત રહ્યો હતો.

# ધોળાકુવા ગામે ચંચળમાતાજીની ભવ્ય શોભાયાત્રા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના ધોળાકુવા ગામે ચંચળમાતાનું મંદિર ગ્રામજનોની આસ્થાનું કેન્દ્ર બનેલું આવ્યું હતું. આ ઉત્સવમાં સામેલ થવા માટે ગ્રામજનો ઉપરાંત ગામે ગામથી ધોળાકુવાની દિકરીઓ-જમાઈઓ તથા ભાણેજો પણ સહિત સમગ્ર ગ્રામજનો હોંશે હોંશે લે છે અને સૌ કોઈ સાથે મળીનો ભક્તિભાવ તથા હર્ષોલ્લાસ સાથે આ પર્વને ઉજવે





છે. આ મંદિરની ૨૭મી વર્ષગાંઠ નિમિત્તો શ્રી ચંચળમાતાની શોભાયાત્રાનું આયોજન કરવામાં ગામમાં આવ્યા હતા. આ દિવસે ચંચળમાતાના મંદિરે યોજાતા પ્રસાદ ભોજનનો લાભ તેમના છે. આ વર્ષે પણ ધોળાકુવા ખાતે ચંચળમાતાજીની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી.



વિશ્વ આરોગ્ય દિન નિમિત્તે શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા 'સર્વે સન્તુ નિરામયા'ની શુભભાવના સાથે બાળકોના માનસિક, શારિરીક વિકાસ માટે ઉત્તમ સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાટ ગામે યોજાયેલા કેમ્પમાં સંસ્કાર આયુ કલીનીકના ડૉ. સીમા ઠક્કરે બાળકને સુવર્ણપ્રાશન કરાવ્યું હતું તથા સુવર્ણપ્રાશનના ફાયદા સમજાવ્યા હતા.

## ઈસરો દ્વારા મૂક-બધિર બાળકોને ઈનામ વિતરણ



ગાંધીનગર, તા.૯

સાયન્સસીટી, ઈસરો, અમદાવાદ દ્વારા ગગનયાન વિષય ઉપર ૬ દિવસનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાતના દિવ્યાંગ બાળકોની સાયન્સ સીટી, અમદાવાદ ખાતે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધામાં સમર્પણ મૂક બધિર શિશુ વિદ્યામંદિર, સેકટર-૨૮ના મૂક બધિર બાળકોએ ભાગ લીધો હતો. જેમાંથી ડ્રોઈંગ સ્પર્ધામાં સંસ્થાના મૂક બધિર બાળકોએ પોતાની કલાને આધારે ઈસરો દ્વારા ઈનામના હક્કદાર થયા હતા અને તેમના દ્વારા મૂક બધિર બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

## શંકરસિંહ બાપુ કેમ્પસ ખાતે રકતદાન કેમ્પ યોજાયો




ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા રેડક્રોસનાં સહયોગથી શંકરસિંહ બાપુ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે અમદાવાદ રેડક્રોસની ટીમ દ્વારા ૧૫ યુનિટસ રકત એકત્રીત કરાયું હતું તથા શંકરસિંહ બાપુ નર્સિંગ કોલેજ ખાતે ૮૫ વિદ્યાર્થીઓનાં થેલેસમીયા પરિક્ષણ માટે સ્ટેટ રેડક્રોસનાં જયંતીભાઈ વાણંદ દ્વારા સેમ્પલો લેવાયા હતા.

સંસ્થા તરફથી શીતલબેન તથા આરએસએસની ટીમ તથા ગાંધીનગર જિલ્લા રેડક્રોસ તરફથી જીલુભા ધાધલ, મગનલાલ કાકડીયા તથા અશ્વિનભાઈ દવેએ હાજર રહી સેવા પુરી પાડી હતી.







૧૯મી સદીના પ્રખર સમાજસેવક
જ્યોતિબા ફુલેને જન્મજયંતિ
નિમિત્તે ભાવપૂર્ણ ભાવાંજલી







અનુસૂચિત જાતિ સશક્તિકરણ માટે રાજ્ય સરકારે લીધા અનેક પગલાં

- સ્વામી વિવેકાનંદ સમરસ છાત્રાલય:- રાજ્યમાં ૧૦ સ્થળોએ **કુલ ૨૦ સમરસ છાત્રાલયો** કાર્યરત: ૧૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને લાભ
- મેડીકલ/એન્જિનિયરીંગ/ડિપ્લોમાના વિદ્યાર્થીઓને સાધન ખરીદ સહાય: મેડીકલના વિદ્યાર્થીઓ માટે **રૂા.૧૦,૦૦૦/-**, ડિગ્રી એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ માટે **રૂા.૮૦૦૦/-** તથા ડિપ્લોમાના વિદ્યાર્થીઓ માટે **રૂા.૩૦૦૦/-** સહાય
- કોમર્શિયલ પાયલોટની તાલીમ:- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે આર્થિક મદદ કરવા માટે ૪ ટકાના વ્યાજ દરે **રૂા.૨૫ લાખ** લોન
- કુંવરબાઈનું મામેરું યોજના:-અનુસૂચિત જાતિના એક કુટુંબની બે કન્યાના લગ્ન પ્રસંગે આ યોજના હેઠળ **રૂા.૧૨૦૦૦/-** સહાય: માર્ચ-૨૦૨૨ અંતિત ૬૯૯૮ અનુસૂચિત જાતિની કુમારીકાઓના લગ્ન પ્રસંગે **રૂ.૭.૫૨ કરોડ**ની સહાય ચૂકવાઈ
- સરસ્વતી સાધના યોજના:- અનુસૂચિત જાતિની ધોરણ-૯માં અભ્યાસ કરતી કન્યાઓને શાળાએ જવા આવવા માટે સાયકલ સહાય
- ડૉ. આંબેડકર આવાસ યોજના: માર્ચ-૨૦૨૨ સુધીમાં ૧૧,૬૯૨ લાભાર્થીઓને મકાન બાંધવા માટે **રૂ.૫૧.૦૬ કરોડ**ની સહાય ચુકવાઈ
- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે માર્ચ-૨૦૨૨ સુધીમાં અંદાજે ૨૬૭ વિદ્યાર્થીઓને **રૂા.૪૦ કરોડ**ની આપી લોન
- પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિઃ ધોરણ ૧ થી ૫ ના કુમાર અને કન્યાઓને **રૂ.૭૫૦/-**, ધોરણ ૬ થી ૮ ના કુમારને **રૂ.૭૫૦/-** અને કન્યાઓને **રૂ.૧૦૦૦/-** તથા ધોરણ ૯ થી ૧૦ ના કુમાર અને કન્યાઓને **રૂ.૧૦૦૦/-** વાર્ષિક શિષ્યવૃત્તિઃ આવક મર્યાદા નથી
- પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે આપવાની થતી પૂર્વ પરીક્ષાઓની તૈયારી માટે તેમજ સ્પર્ધાત્મક પરિક્ષાઓના કોચિંગ માટે **રૂ. રૂ.૨૦,૦૦૦/-** ની સહાય
- ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના અંદાજે ૧.૮૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિમાં દરેક સ્તરે **રૂા.૨૫૦/-**નો વધારો અને અંદાજે ૩.૩૭ લાખ વિદ્યાર્થીઓને **રૂ.૬૦૦/-**ની ગણવેશ સહાયમાં **રૂ.૩૦૦/-** વધારી **રૂા.૯૦૦/-** કરાઈઃ જે માટે બજેટમાં **રૂ.૧૩૮.૯૨ કરોડ**ની ફાળવણી
- ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં **રૂ.૧ લાખ**ના બદલે હવે સહાય વધારી **રૂ.૨.૫૦ લાખ** કરવામાં આવી
- ૮૧ સરકારી છાત્રાલયોમાં અંદાજે ૬૨૦૦ વિદ્યાર્થિઓ, ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં અંદાજે ૪૪૦૦ વિદ્યાર્થિઓ, ૫૮૭ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં અંદાજે ૨૫,૦૦૦ વિદ્યાર્થિઓ, ૮૮ ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમ શાળાઓમાં અંદાજે ૧૦,૫૦૦ વિદ્યાર્થિઓ જેટલા વિદ્યાર્થિઓને રહેવા, જમવા અને ભણવાની વિનામૂલ્યે સુવિધા આપવામાં આવે છે

"ગુજરાતનો પ્રત્યેક વ્યક્તિ શિક્ષણ મેળવી એક નવા સંકલ્પ સાથે આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારતની રચના કરે અને સમાજમાં સન્માન પ્રાપ્ત કરી શકે તે માટે કટિબદ્ધ છીએ." - શ્રી પ્રદિપ પરમાર, મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત